જન્મદિને વધામણી


ભાગ્યેશ જહા
અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર
મો. ૯૯૭૮૪ ૦૭૬૦૧

ગિરીશકુમાર ઓ રાવલ
મેનેજિંગ ટ્રસ્ટી, ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ
મો. ૯૮૨૫૦ ૩૫૩૮૩

રાજ પ્રદીપકુમાર ગગલાણી
એમબીબીએસ
મો. ૯૮૨૪૨ ૮૬૧૨૧

બી પી પ્રજાપતિ
મંત્રી, સહયોગ મંડળ

અંકિત લીલા

ધનરાજ સાવલિયા

મયુર પુનાણી

ભૌતિક રાદડીયા

કેયુર ગઢવી

અંકિત સોરઠિયા

આ તસવીર છોટા ઉદેપુર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રાઠવા કોમની બહેનની છે. હોળી નિમિત્તે આ બહેન હોળીના દર્શનાર્થે આવી ત્યારે ગાંધીનગરના તસવીરકાર વિનોદ રાઠોડે તેને કેમેરામાં કેદ કરી હતી. ભારત સરકારના ફોટો ડિવિઝન દ્વારા આ તસવીરને ઈનામ માટે પસંદ કરવામાં આવી છે. ગાંધીનગરની તસવીર, કલાપ્રેમી જનતા, સંસ્થાઓ તરફથી વિનોદ રાઠોડને અભિનંદન પ્રાપ્ત થઈ રહ્યા છે.

કેલોરેક્ષ સ્કૂલનાં ભૂલકાઓએ કચ્છના રણનો પ્રવાસ ખેડયો

ગાંધીનગર, તા.૧૬

કેલોરેક્ષ પબ્લિક સ્કૂલ લેકાવાડા-ગાંધીનગરના ૨૯ વિદ્યાર્થીઓએ તાજેતરમાં અનાલા અમદાવાદ દ્વારા યોજાતા અનુભવ શ્રેણી હેઠળ કચ્છના નાના રણની જીપ સફારીમાં બેસીને વન્યજીવોની કેટેગરીમાં વિશ્વમાં દુર્લભ પ્રજાતિ ગણાતા ઘુડખરના ટોળાઓને સાવ નજીકથી નિહાળ્યા હતા. સાથે સાથે ફલેમિંગો સહિતના માઈગ્રેટરી બર્ડસ પણ જોવાનો લાભ લીધો હતો. આ રણની વિશેષતા એવી છે કે રણ છે છતાં રેતી કે ઊંટ જોવા ન મળે! પરંતુ વરસાદના માહોલમાં અફાટ વિશાળ મેદાનમાં બોટમાં ફરી શકાય! અહીંયા ઘાસચારા પર વન્યપશુઓ નભે છે.

વરસાદી મોસમ પછી લાંબા સમય સુધી ઘણા ઠેકાણે નાની નાની તલાવડીઓ ભરાય છે. આમ વર્તમાન ઋતુમાં વિદેશી સહેલાણીઓની જેમ માઈગ્રેટરી બર્ડસ માટે હેવન!! કુદરતના આ વિશિષ્ટ રણ અને વન્યજીવોને નિહાળવા માટે વિદેશી પ્રવાસીઓ પણ આ વિસ્તારમાં ઉભા થયેલા ડેઝર્ટ રિસોર્ટમાં પડાવ નાંખતા પણ જોવા મળ્યા હતા. ખારાઘોડા પાસે મીઠુ પકવતા સોલ્ટપાન, સોલ્ટ ફેકટરી ઉપરાંત સોલર પાવર ફાર્મ પણ વિદ્યાર્થીઓએ નિહાળ્યું હતું. વળી, મીઠાના ઢગલાંઓ ઉપર ચઢીને સરકવાનો લાભ લીધો હતો. ઉત્સાહી શિક્ષકો સન્ની સિંઘ, સુરેશભાઈ, કિરણ મિશ્રા, ઉર્વી ટેઈલર ઉપરાંત ગાંધીનગરના નરેશ ઠાકર સાથે કેલોરેક્ષ સ્કૂલના વિદ્યાર્થીઓએ કેમ્પની યાદગાર પળો માણી હતી.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
ફિતૂર
૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩
સનમ રે
૩.૦૦
ડેડપોલ (અંગ્રેજી-એ)
૧૨.૩૦, ૭.૪૫
ડેડપોલ (હિન્દી-એ)
૫.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪
સનમ રે
૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૧.૦૦, ૯.૪૫
પોલમૂપોલ (ગુજ.)
૪.૦૦
ઍરલિફ્ટ
૭.૧૫

સ્ક્રીન-૫
ફિતૂર
૧૦.૦૦, ૫.૧૫
સનમ રે
૧૨.૩૦, ૭.૪૫, ૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૨.૪૫

રૉટરી ક્લબ ઑફ કૅપિટલની રૉટરી ડિસ્ટ્રીક્ટ ગવર્નર લલિતજી શર્માએ તાજેતરમાં સત્તાવાર મુલાકાત લીધી હતી. આ પ્રસંગે રૉટરી ક્લબ ઑફ કૅપિટલના પ્રમુખ મનોજકુમાર સરૈયા, ક્લબ ટ્રેનર અમીબેન શાહ, ચાર્ટર્ડ પ્રેસિડેન્ટ જગતભાઈ કારાણી, યુવરાજસિંહ વાઘેલા, અરવિંદભાઈ રાણા આસી. ગવર્નર હર્ષદભાઈ જાની, મહેન્દ્રભાઈ ભાવસાર તેમજ અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ડિસ્ટ્રીક્ટ ગવર્નરે ક્લબની ગતિવિધિની નોંધ લીધી હતી અને સભ્યો સાથે ભોજનનો આનંદ માણ્યો હતો.

નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટર, ગાંધીનગર દ્વારા ઊર્જા સંરક્ષણ વિષયે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સોનીપુર પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની ખુશી રણછોડજી ઠાકોરે પ્રથમ ક્રમાંક મેળવી પાંચ હજારનું રોકડ ઇનામ પ્રાપ્ત કર્યું હતું. આચાર્ય મીનાબેન ભોપે, સરપંચ ગાંડાજી ઠાકોર, શાળા પરિવાર તથા ઍસઍમસીના સભ્યોએ બાળાની આ સિદ્ધિને ખૂબ જ બિરદાવી હતી.

પશુ-પંખીઓ માટે વિનામૂલ્યે અન્નજળ પાત્ર વહેંચતું પ્રકૃતિ સેવા ફાઉન્ડેશન

ગાંધીનગર, તા. ૧૭

અબોલ પશુ અને પક્ષીઓને બચાવવાના અભિયાનના ભાગરૂપે અમદાવાદના વેજલપુર ખાતે પ્રકૃતિ સેવા ફાઉન્ડેશને અન્ન-જળ પાત્ર વિનામૂલ્યે વહેંચ્યાં હતાં. ભાવિન પાર્ક સોસાયટી ખાતે આયોજિત આ કાર્યક્રમમાં વેજલપુરના મ્યુનિસિપલ કાઉન્સીલ દિલીપ બગડિયા અને રાજુભાઈ ઠાકોરના હસ્તે શિવશક્તિ સોસાયટી, શિવસાગર સોસાયટી, ભાવિન પાર્ક સોસાયટી, મોનાપાર્ક સોસાયટી અને જલદર્શન સોસાયટીના સભ્યોને આ પાત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આગામી દિવસોમાં ગરમી વધશે તે જોતાં પશુ-પંખીઓ માટે અન્ન-જળ પાત્રની વહેંચણીની કામગીરી ચાલુ રાખવામાં આવી છે. કોઈપણ વ્યક્તિને આ પાત્ર વિનામૂલ્યે આપવામાં આવશે. આ માટે ફાઉન્ડેશનનો મોબાઈલ નંબર ૮૯૮૦૭૨૧૯૨૭૮ અથવા ૯૫૧૦૫૯૨૨૩૭ દ્વારા સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની હૅન્ડબૉલ ટીમ યુનિવર્સિટી સ્પર્ધામાં રનર્સ-અપ

કડી સર્વ વિદ્યાલયની હૅન્ડબૉલ સ્પર્ધા મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સૅક્ટર-૧૬ ખાતે આયોજિત કરવામાં આવી હતી, જેમાં શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની ટીમ રનર્સ-અપ બની હતી. આ ટીમમાં પાર્થ પટેલ (કેપ્ટન), વિપુલ ચાવડા, મનોજ પટેલ, યશ અડાલજા, મયુર રાઠોડ, ઉમેગ પટેલ, ચિરાગ જામલીયા, સાહિલ પટેલ, તેજસ વાળા, પાર્થ પરમાર, રવિ બ્રહ્મભટ્ટ, ઋત્વિક નિમાવત અને હિતેષ દાટી સામેલ હતા, જેમને કૉલેજના ફિઝિકલ ઍજ્યુકેશનના પ્રો. ડૉ. રણછોડ રથવી અને પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ અભિનંદન પાઠવ્યા હતા.

ધર્મ એ માનવજાતનો મઝિયારો વારસો છે

શંકરાચાર્યની અદભુત બુદ્ધિ અને રામાનુજની વિશાળ ઉદારતાનો સમન્વય એવા રામકૃષ્ણ પરમહંસનું પૃથ્વી ઉપર અવતરણ ઈસવી સન ૧૮૩૬ના ફેબ્રુઆરીની ૧૮મી તારીખે બંગાળના હુગલી જીલ્લાના કામારપુકુરમાં સાધુચરિત પિતા ખુદીરામ ચટ્ટોપાધ્યાય અને ઈશ્વરનિષ્ઠ માતા ચંદ્રમણિદેવીને ત્યાં થયેલો. આ સુંદર અને આકર્ષક બાળકનું નામ ગદાધર રાખ્યું. સંપૂર્ણ જ્ઞાની અને બુદ્ધિશાળી પણ પોતાનું નામ પૂરું લખી ન શકતો ગદાધર ગણિત સિવાયના વિષયોમાં કાબેલ...જે કથા, સ્ત્રોત્ર કે રામલીલા સાંભળતો, તે એક વખતમાં તેને મોઢે થઈ જતા અને બીજા દિવસે આબેહુબ ભજવી બતાવતો. બીજાઓને તે કહેતો કે " આંકના પાડા ગોખતાં મારું માથું ભમતું." મૂર્તિઓ ઘડતા જાય અને તેમાં રામ-કૃષ્ણનાં દર્શન કરે. ભગવાનને ફૂલ ચડાવતાં ચડાવતાં પોતાના ઉપર પણ ચડાવી દેતા...જાણે જન્મથી જ અવધૂત. અઢી હજાર વર્ષ પહેલાં મહાવીરે જેમ સ્ત્રી-પુરુષમાં ભેદ ન કર્યો તેમ રામકૃષ્ણ પણ નાનપણથી સ્ત્રી-પુરુષ માં કોઈ ભેદ ન જોતા. કૃષ્ણને સ્વામી તરીકે પ્રાપ્ત કરવા તેઓ સ્ત્રી વેશ ધારણ કરતા. બાળપણથી જ એકાગ્ર ચિત્ત, શાંત મન. ક્યારેક કુદરત જોઈને તો ક્યારેક પશુ-પક્ષીઓમાં જોવામાં મન પરોવાઈ જાય ત્યારે દેહભાન વીસરી ભાવસમાધિ થઈ જતી, કોઈ અજાયબ પ્રકારના દર્શનમાં લીન થઈ જતા..બેહોશ થઈ જતા. મા-બાપને થયું કે ગદાધરને વાઈ આવે છે. પણ તેમણે જ આ બાબતે શારીરિક ખામી ન હોવાનું જણાવતાં મા-બાપને રાહત થઈ. બચપણથી જ સંસારને ક્ષણભંગુર માનતા અને સાત વર્ષના હતા ત્યારે પિતાનું અવસાન થતાં તેમની આ માન્યતા દ્રઢ થવા લાગી. ક્યારેક તેઓ ઝાડ પર તો ક્યારેક કબ્રસ્તાનમાં જઈ સાધના કરતાં. એ સમયે કલકત્તામાં અત્યંત સંપન્ન રાણી રાસમણીએ દક્ષિણેશ્વરમાં કાલીમંદિર બનાવડાવ્યું. રામકૃષ્ણની ભક્ત તરીકેની તેમની સાધનામાં પાંચ ભાવ શાંતભાવ, દાસ્યભાવ, સખાભાવ, વાસ્ત્લ્યભાવ અને માંધુરભાવનું સામંજસ્ય હતું. અને ધર્મના પાંચ અંગોના સમન્વયથી તેમનામાં માનવધર્મ પાંગર્યો હતો. અને તેથી જ આ કાલી-મંદિરના પૂજારી બન્યા. મંદિરમાં રહેવું, પૂજા કરવી અને તેને લીધે ધ્યાન ધરવા તરફ દોરાયા, કાંટાળી ઝાડીઓ કે જ્યાં ભૂતોના ભયને કારણે લોકો દિવસે નહોતા જતા ત્યાં રામકૃષ્ણ રાત્રે ધ્યાન ધરતા. ધ્યાન ધરતાં ધરતાં આંખો સુઝી જતી, કલ્પાંત કરતા, વસ્ત્રો ઉતારી દેતા, જનોઈ બાજુ પર મૂકી દેતા. પુજાના પુષ્પો પોતાને માથે ચઢાવતા, જોર જોરથી ધૂજવા માંડતા, ચહેરો જમીન ઉપર રગડતા 'મા', 'મા' ના પુકારો કરતા. એમની આંખો ખૂલી હોય તો ખૂલી જ રહેતી પોપચાં હાલતાં નહીં. કાલીમા સાથે રૂબરૂ સંવાદ કરતા.

ગુરૂ તોતાપુરીજી નિર્વિકલ્પ સમાધિસ્થ હતા. તેમણે ગદાધરનું પોતાનું શ્રાદ્ધ અને પિતૃશ્રાદ્ધ કરાવી દિક્ષા આપી વેદાંતનો સૌથી અમૂર્ત, વૈચારિક અને કઠિન ભાગ અદ્વૈત વેદાંત ભણાવવાનું શરૂ કર્યું અને તે બાદ ગુરુજી તરફથી તેમનું નામ રામકૃષ્ણ અને પદવી પરમહંસ મળી. પરમહંસ એટલે ફોતરાં ફેંકી અને સાર ગ્રહવો. ખંડ છોડીને અખંડને, ઉપાધિ છોડીને નિત્ય વસ્તુને અપનાવવી. બંગાળી સંન્યાસીની ભૈરવીએ સૌથી પહેલાં રામકૃષ્ણને 'અવતાર' કહ્યા અને તેમના નિર્દેશનમાં રામકૃષ્ણે તાંત્રિક સાધના કરી.

સ્વામી દયાનંદ સરસ્વતીએ તો કીધું કે 'અમે બધાં તો શાસ્ત્રોનું મંથન કરીને માત્ર છાશ પીએ છીએ. આ મહાપુરુષે તો માખણ ખાધું છે.' ગાંધીજીતો રામકૃષ્ણ સાધુતાની

જીવંત મૂર્તિ કહેતા. રામકૃષ્ણ પરમહંસ જે બોલ્યા તે 'રામકૃષ્ણ કથામૃત'નામના પુસ્તકમાં લખાયું છે. મોટાભાગે બંગાળીમાં ઉપદેશ આપતાં રામકૃષ્ણે જણાવ્યું કે કામિની અને કાંચન કરતાં જીવનમાં કાંઈક વિશેષ કિંમતી તત્વો છે, ઈશ્વરપ્રાપ્તિ માટે પહાડ, ગુફા, તીર્થ જવાની જરૂર નથી પણ પોતાના સ્વભાવમાં સ્થિત રહેવું એ જ તારો ધર્મ છે એટલે જ હરદાનમુની સાહેબે કીધું છે કેઃહરિને ભજનને માટે હેમાળે ન જાવું, હેમાળે ન જાવું, હૈયું હેમાળો બનાવવું...

રામકૃષ્ણએ ખ્રિસ્તી, ઈસ્લામ અને અન્ય ધર્મોની સાધના કરીને બધાં ધર્મોની એકરૂપતાની સાક્ષાત અનુભૂતિ કરી લીધી. તેમના મતે બધા ધર્મોમાં પરમાત્માની અનુભૂતિ એક સરખી જ છે. ધર્મ એ માનવજાતનો મઝિયારો વારસો છે. જે પોતાના ધર્મનું નિષ્ઠાપૂર્વક આચરણ કરશે, તેને સ્વાભાવિક જ બીજા ધર્મ માટે આદર થશે.

રામકૃષ્ણે વૈદિક સંસ્કૃતિ વિશે જેણે દુનિયાને સૌપ્રથમ જાણ કરી અને ધર્મ દ્વારા દેશભક્તિ કેવી સરસ કેળવાય છે તેનો ખ્યાલ આપનાર એવા વિવેકાનંદ આ દેશને આપ્યા. વિવેકાનંદ કહેતા કે મારી જે કંઈ શક્તિ છે, હું જે કંઈ સારું કરું છું એ મારા ગુરુ રામકૃષ્ણનું છે.

આ લૌકિક જગતને અલૌકિક અને ગૂઢ વિશ્વ સાથે મૌન રીતે જોડાવાની જીવનયાત્રા રામકૃષ્ણએ ૧૬મી ઓગસ્ટ, ૧૮૮૬ના રોજ વહેલી પરોઢે સંકેલી લીધી. રોમાં રોલાએ મૂળ ફ્રેન્ચમાં લખેલા ચરિત્ર 'રામકૃષ્ણ પરમહંસ'માં કહ્યું કે 'એમનું જીવન એ બે હજાર વર્ષના હિન્દુસ્તાનના ત્રીસ કરોડ લોકોના આધ્યાત્મિક જીવનનો સાર હતો.'

પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

વિશ્વવિદ્યાલયનું સંકુલ રાજકીય અખાડો બને ત્યારે...

હમણાં દેશનું વાતાવરણ કંઈક આ પ્રકારનું છે : થોડા દિવસ પહેલાં સિયાચીનમાં શહીદ થનાર હનુમંતપ્પાના દુખદ અવસાનને કારણે દેશ આખો શોકગ્રસ્ત હતો અને હનુમંતપ્પાની દેશભક્તિને ગર્વથી સલામી આપતો હતો. એકબાજુ આખા દેશનું આ દશ્ય હતું તો બીજી બાજુ જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી, દિલ્હીના કૅમ્પસમાં બનેલી ઘટનાને કારણે દેશનું વાતાવરણ ગરમાયું હતું. એક બાજુ એક શહીદની દેશભક્તિની વાત થતી હતી તો બીજી બાજુ કૅમ્પસમાં દેશવિરોધી ગતિવિધિ જોવા મળતી હતી. આ બંને બાબતો એકબીજાની વિરોધી હતી. દેશભક્તિ અને દેશવિરોધી ગતિવિધિને કારણે આખો દેશ આ બાબતે ચર્ચામાં હતો.

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી, નવી દિલ્હીનું કૅમ્પસ આમ કોઈ ને કોઈ કારણસર સતત ચર્ચામાં રહેતું આવ્યું છે. અમુક પક્ષની વિચારધારાનું કેન્દ્ર આ કૅમ્પસ ગણાય છે એવું પણ સતત સાંભળવા મળી રહ્યું હતું. આમ પણ દેશની મોટાભાગની યુનિવર્સિટીના કૅમ્પસમાં કોઈ ને કોઈ પક્ષની વિચારધારાનું પ્રભુત્વ જોવા મળે છે. કોઈ પક્ષની વિચારધારાનું પ્રભુત્વ જોવા મળે એની સામે પણ એક તબક્કે વાંધો ન હોઈ શકે. કારણ કે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓના કૅમ્પસને જુદી રીતે લોકશાહીની પ્રયોગશાળા તરીકે જોવામાં આવે છે અને એ અર્થમાં પક્ષની વિચારધારાનું પ્રભુત્વ જોવામાં આવે છે. પણ શૈક્ષણિક સંસ્થાનું કૅમ્પસ રાજકીય અખાડો બની જાય ત્યારે વમળો સર્જાતાં હોય છે. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં બનેલી દેશવિરોધી ગતિવિધિને કારણે હાલ તો યુનિવર્સિટી કૅમ્પસ રાજકીય અખાડો બની ગયાનું દેખાય છે.

અહીં એ ચર્ચામાં નથી ઊતરવું કે કોણે દેશવિરોધી ગતિવિધિ કરી કારણ કે આ મુદ્દે પણ આમને-સામને

કૅમ્પસ
દ્વનિલ પારેખ

જેવી સ્થિતિ છે અને એ બાબતે એકબીજા પર દોષારોપણ કરવામાં આવે છે અને હજી દિવસો સુધી આ મામલે આમ જ કીચડ ઉછાળવાનું ચાલુ રહેશે. આ સંદર્ભે વિદ્યાર્થી આગેવાન કન્હૈયાકુમારની ધરપકડ પણ કરવામાં આવી છે અને ધરપકડ સંદર્ભે પણ રાજકીય પક્ષો આમને-સામને આવી ગયા છે.

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના કૅમ્પસમાં જે કંઈ પણ બન્યું એની પાછળ અમુક આતંકવાદી સંગઠનોનો હાથ હતો કે પછી કન્હૈયાકુમારે સ્વીકાર્યું એમ અમુક આતંકવાદીઓનો હાથ પણ હતો. આ વાતમાં તથ્ય હોય તો એ અત્યંત ચિંતાજનક બાબત છે. આતંકવાદી સંગઠનો કે આતંકવાદીઓ હવે દેશની જાણીતી યુનિવર્સિટીઓને નિશાન બનાવી રહ્યા છે. કયા પક્ષના વિદ્યાર્થીઓએ કોના કહેવાથી કે કોના ઈશારાથી આ કૃત્ય કર્યું એ જેટલી અગત્યની બાબત છે એટલી જ અગત્યની બાબત એ પણ છે કે દેશની જાણીતી યુનિવર્સિટીઓના કૅમ્પસમાં દેશવિરોધી ગતિવિધિ થઈ રહી છે. ચિંતાનો મુદ્દો આ હોવો જોઈએ કે યુનિવર્સિટી કૅમ્પસમાં પણ હવે આ પ્રકારની ઘટનાઓ બનવા લાગી છે અને દેશની રાજધાની સ્થિત યુનિવર્સિટીમાં આવું બન્યું છે.

આ ઘટના અને પૂર્વે બનેલી હૈદરાબાદની ઘટનાને કારણે દેશનું શૈક્ષણિક જગત છેલ્લા ઘણા સમયથી ડહોળાતું રહ્યું છે અને હજી ડહોળાતું રહેશે.

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં બનેલી ઘટનાને કારણે દેશના રાજકીય પક્ષોએ જે સમજથી કામ લેવું જોઈએ એનો સદંતર અભાવ જોવા મળ્યો છે. સહુને રસ કયા પક્ષે આમ કર્યું એ સાબિત કરવામાં જ રહ્યો છે પમ આ થયું અને આ દેશની યુનિવર્સિટીમાં જ થયું તથા હવે પછી ન થાય એ અંગે તકેદારી રાખવી જોઈએ, એ બાબતે પગલાં લેવાં જોઈએ - એ અંગે વિચારવાની કોઈને ફુરસદ નથી. અહીં તો ઘટના ઘટી નથી કે દોષારોપણની ગંદી વૃત્તિ શરૂ થઈ નથી ! છેલ્લે તો એવા સમાચાર પણ મળ્યા કે કલકત્તાની જાદવપુર યુનિવર્સિટીમાં પણ આવી દેશવિરોધી પ્રવૃત્તિ થઈ છે .

આનો અર્થ એ થયો કે એક યોગ્ય પ્રવૃત્તિ છે એ રીતે એનો પ્રચાર-પ્રસાર થઈ રહ્યો છે અને એમાં દેશની જાણીતી યુનિવર્સિટીઓ સંગેબાની બનતી જાય છે. આ પ્રકારની પ્રવૃત્તિનો એકસૂરે વિરોધ કરવામાં નહીં આવે તો એ પ્રવૃત્તિ દિવસે ને દિવસે વકરતી જશે અને એ આખરે દેશહિતમાં તો નહીં ને નહીં જ હોય !